# બીસીસીઆઈના વચગાળાના પ્રમુખ તરીકે ગાવસ્કર

નવી દિલ્હી,તા. ૨૮

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન સુનિલ ગાવસ્કરની આજે હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૭ માટે બીસીસીઆઈના પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. બીજી બાજુ ચેન્નાઈ સુપર કિંગ અને રાજસ્થાન રોયલ્સને પણ મોટી રાહત થઈ હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતું કે કોઈ પણ ટીમને ગેરલાયક જાહેર કરવામાં આવશે નહી. સુપ્રીમના આજના ચુકાદાની સાથે જ ગઈકાલ બાદથી ઉભા થયેલા સસ્પેન્સનો અંત આવી ગયો છે. જો કે સુપ્રીમ કોર્ટે આઈસીસીની પ્રવૃતિઓમાં ભાગ લેવા શ્રીનિવાસનને મંજૂરી આપવા મામલે કોઈ આદેશ જારી કરવાનો ઈન્કાર કર્યો હતો. ગાવસ્કરની વચગાળાના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે કોમેન્ટરી માટે બીસીસીઆઈ સાથે કરવામાં આવેલા કરારમાંથી બહાર નિકળી જવા ગાવસ્કરને સુચના આપી હતી. સુપ્રીમના આજના ચુકાદાથી મોટી રાહત ક્રિકેટ ચાહકો અને બોર્ડને થઈ છે. હવે આઈપીએલની મેચો નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ રમાશે.ગાવસ્કર હાલમાં મુશ્કેલીનો સામનો કરી રહેલા ક્રિકેટ બોર્ડના વચગાળાના વડા તરીકે રહેશે. કોંભાંડગ્રસ્ત શ્રીનિવાસનની જગ્યાએ ગાવસ્કર પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળશે. સ્પોટ ફિક્સિંગ અને



સટ્ટામાં નિષ્પક્ષ તપાસ થઈ શકે તે માટે બોર્ડના વડા તરીકે રાજીનામુ આપી દેવા સુપ્રીમ કોર્ટે આજે શ્રીનિવાસનને હતુ. સ્પોટ ફિક્સિંગમાં તેમના જમાઈ ગુરૂનાથ મેયપ્પન અને કેટલાક ક્રિકેટરોની સંડોવણી બહાર આવી હતી. મેયપપ્પનને સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી સમિતી દ્વારા આઈપીએલ ૨૦૧૩ દરમિયાન ફિક્સિંગ મામલે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગાવસ્કરે ગઈકાલે જ વચગાળાના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળવાની તૈયારી દર્શાવી હતી. ગાવસ્કરે ગઈકાલે કહ્યું હતું કે તે કોઈપણ પડકારનો સામનો કરવા માટે તૈયાર છે. ગાવસ્કરે કહ્યું હતું કે તે એક ઓપનિંગ બેટ્સમેન તરીકે રહ્યો છે જેથી કોઈપણ ભૂમિકા માટે તૈયાર છે.

સુપ્રીમ કોર્ટે આજે એન શ્રીનિવાસનની જગ્યાએ બીસીસીઆઈના વચગાળાના અધ્યક્ષ તરીકે સુનિલ ગાવસ્કરના નામ ઉપર દરખાસ્ત મુકી હતી. ગાવસ્કર પણ આ જવાબદારી અદા કરવા માટે તૈયાર છે. ગાવસ્કરે કહ્યું છે કે તે દેશની ટોચની અદાલતના આદેશને પાળીને ખુશ થશે અને સમ્માન અનુભવ કરશે. ગાવસ્કરે એમ પણ કહ્યું હતું કે જો સુપ્રીમ કોર્ટ કેટલાક આદેશ આપે છે તો તેને માનવા જરૂરી છે. સુનિલ ગાવસ્કર હાલમાં બીસીસીઆઈ સાથે કોમેન્ટેટર તરીકે કરાર ધરાવે છે પરંતુ સુપ્રીમ કોર્ટ ઈચ્છે છે કે તેઓ કોઈ જવાબદારી સંભાળે તે જરૂરી છે. જો કોર્ટ કોઈ મોટી જવાબદારી સોંપે છે તો તે જવાબદારી અદા કરવા તે તૈયાર છે. ગાવસ્કરે એમ પણ કહ્યું હતુ કે, તેઓ માને છે કે, જ્યાં સુધી દોષિત સાબિત થતાં નથી ત્યાં સુધી શ્રીનિવાસન નિર્દોષ છે.ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સની ટીમના માલિકો સામે ભ્રષ્ટાચારના આરોપોમાં પંજાબ અને હરિયાણાના બૂતપૂર્વ ચીફ જસ્ટીસના નેતૃત્વમાં તપાસ કરવામાં આવી હતી. આ કોંભંડ બાદ દેશ હચમચી ઉઠ્યું હતુ.

### ગાવસ્કરને કોમેન્ટરી પણ છોડી દેવી પડશે

સુનિલ ગાવસ્કરને બીસીસીઆઈના પ્રમુખ તરીકેની જવાબદારી મળી ગયા બાદ કોમેન્ટ્રી છોડી દેવી પડશે. આના માટે ગાવસ્કરને જેટલું પણ નુકસાન થશે તેની ભરપાઈ બીસીસીઆઈ દ્વારા કરવામાં આવશે. કોર્ટે એમ પણ કહ્યું હતુ કે, સમગ્ર મામલામાં ૧૬મી એપ્રિલના દિવસે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. અગાઉ એવી ચર્ચા ચાલી રહી હતી કે, આઈપીએલમાં ટીમોને ઘટાડી દેવામાં આવશે તો ભારે નુકસાન થશે પરંતુ સુપ્રીમ કોર્ટે કાર્યક્રમમાં કોઈપણ ફેરફાર કરવાનો ઈન્કાર કરી દીધો છે. બીસીસીઆઈ વિશ્વમાં સૌથી શક્તિશાળી સંસ્થા છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશને બીસીસીઆઈએ મંજુરી આપી દીધી છે.

## દિલ્હીમાં આમ આદમી પાર્ટીની લોકપ્રિયતામાં જોરદાર ઘટાડો

નવી દિલ્હી,તા. ૨૮

લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે દિલ્હીમાં અરવિન્દ કેજરીવાલની લોકપ્રિયતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એબીપી ન્યુજ અને નેલ્સન દ્વારા કરવામાં આવેલા ઓપિનિયન પોલમાં અનેક ચોંકાવનારા આંકડા સપાટી પર આવી રહ્યા છે. દિલ્હીમાં ૧૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. આ મતદાન પહેલા હાલમાં જ કરાવવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે બે મહિનાના ગાળામાં જ એએપીની લોકપ્રિયતામાં ભારે ઘટાડો થયો છે. છેલ્લા સર્વેની છ સીટની સામે દિલ્હીમાં એએપીની બેઠકોની સંખ્યા અડધી થઈ ગઈ છે. સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે દિલ્હીમાં કોંગ્રેસની લોકપ્રિયતામાં બંપર વધારો થયો છે. જો કે પાર્ટીની સીટ વધી રહી નથી. ભાજપના મત શેરમાં થોડોક વધારો થઈ રહ્યો છે. પરંતુ પાર્ટીની સીટ ગયા સર્વેમાં એકની તુલનામાં વદીને ત્રણ થઈ ગઈ છે. વર્ષ ૨૦૦૯માં યોજાયેલી ચૂંટણીમાં કુલ સાત સીટ પૈકી કોંગ્રેસે તમામ સાત સીટ જીતી લીદી હતી. અને તેની મત હિસ્સેદારી ૫૭.૧ ટકાની આસપાસ રહી હતી. જો કે વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીમાં કોંગ્રેસને છેલ્લા સર્વે મુજબ એક બેટક મળી શકે છે. જોકે હવે કોંગ્રેસને એક બેઠક મળવાની વાત કરવામાં આવી છે. બીજી બાજુ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ભાજપ લોકસભાની ચૂંટણીમાં સારો દેખાવ કરી શકે છે અને તે માર્ચના સર્વે મુજબ સાત પૈકી ત્રણ બેઠકો જીતી શકે છે. પહેલા કેજરીવાલના નેતૃત્વમાં એએપીને છ બેઠકો મળવાની વાત કરવામાં આવી રહી હતી હવે તેની બેઠકોની સંખ્યા ઘટીને ત્રણ કરવામાં આવી છે. નવા ઓપિનિયન પોલ મુજબ આપની લોકપ્રિયતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે પાર્ટી હજુ પણ ૩૪ ટકાની સાથે સૌથી વધારે મત હિસ્સેદારી ધરાવે છે. જો કે આપની મત હિસ્સેદારીમાં ઘટાડો થતા ભાજપને નહી બલ્કે કોંગ્રેસને લાભ થઈ રહ્યો છે. દિલ્હીમાં ભાજપની મત હિસ્સેદારી ૩૨ ટકા સુધી રહે તેવી શક્યતા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જાન્યુઆરીની તુલનામાં કોંગ્રેસની મત હિસ્સેદારી ૧૯ ટકા વધી ગઈ છે. જે જાન્યુઆરીમાં નટ ટકા હતી. ભાજપની મત હિસ્સેદારીમાં ત્રણ ટકાનો વધારો થયો છે.

# કોંગ્રેસના લોકસભા ઉમેદવાર સામે મોદીને ધમકી આપવા બદલ કેસ

સહારનપુર,તા. ૨૮

સહારનપુરમાંથી કોંગ્રેસના ઉમેદવાર ઈમરાન મસુદના નિવેદન બાદ ભારે ખળભળાટ મચી ગયો છે. તેમના ઉશ્કેરણીજનક નિવેદનથી પાર્ટીની મુશ્કેલીઓ વધી ગઈ છે. કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ઈમરાન મસૂદે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની હત્યા કરવાની ધમકી આપી છે. તેમના ભાષણની એક વિડિયો સપાટી ઉપર આવી છે જેમાં ભીડમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, તેઓ મોદીને યોગ્ય જવાબ આપશે. મોદીને મારી મારીને જવાબ આપશે. સાથે સાથે તેમના ટુકડે ટુકડા કરી દેવામાં આવશે. વિડિયોમાં ઈમરાન મસૂદ એમ કહેતા નજરે પડી રહ્યા છે કે, ઉત્તરપ્રદેશના મુસ્લિમો જો તેઓ ગુજરાતમાં જે રીતે તેમની સાથે વર્તન કરાયું હતું તેવું વર્તન કરાશે તો તેમના ટુકડે ટુકડા કરી દેશે. કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર સામે હવે મોદીને ધમકી આપવા બદલ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ ઉશ્કેરણીજનક ભાષણ ઉપર જિલ્લા વહીવટીતંત્રએ કોંગ્રેસના ઉમેદવાર સામે કેસ દાખલ કરી દીધો છે. ચૂંટણી પંચે પણ ઈમરાનના ભાષણની નકલ મંગાવી છે. બીજી બાજુ ભાજપે કોંગ્રેસના ઉમેદવારની ઉમેદવારીને રદ કરવાની માંગ કરી છે. ઈમરાનના આ નિવેદનથી કોંગ્રેસની શરમજનક



સ્થિતિ થઈ ગઈ છે. પાર્ટીએ આના ઉપર મૌન જાળવીને આક્રમક વલણ અપનાવ્યું છે. અલબત ઈમરાનને આ અંગે પૂછવામાં આવ્યું ત્યારે ઈમરાને કહ્યું હતું કે, તેઓ મર્યાદિત શબ્દોનો ઉપયોગ કરી શક્યા નથી. નરેન્દ્ર મોદીના સંદર્ભમાં કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણી અંગે પૂછવામાં આવતા લખનૌમાંથી ભાજપના ઉમેદવાર રાજનાથસિંહે કહ્યું છે કે, જેમ જેમ મોદીની લોકપ્રિયતા વધી રહી છે તે જ રીતે વિરોધીઓ હતાશ થઈ રહ્યા છે અને તેમનામાં ખળભળાટ પણ મચી ગોય છે. કોંગ્રેસના ઉમેદવારો દ્વારા આપવામાં આવેલા નિવેદન આનો સંકેત આપે છે. ઈમરાન કોંગ્રેસના આ વિસ્તારના દિગ્ગજનેતા રશીદ મસૂદના ભત્રીજા છે. અગાઉ તેઓ સમાજવાદી પાર્ટીના ઉમેદવાર બની ગયા હતા પરંતુ મેડિકલ કૌભાંડમાં જેલ પહોંચી ગયા બાદ રશીદ મસૂદ સમાજવાદી પાર્ટીમાં જતા રહ્યા હતા અને ઈમરાનની ટિકિટ કાપી દીધી હતી અને પુત્ર સાહજાન મસૂદને ટિકિટ આપવામાં આવી હતી. ઈમરાન કોંગ્રેસની ટિકિટ ઉપર હવે મેદાનમાં ઉતર્યા છે. ઈમરાનની જે વિડિયો સપાટી ઉપર આવી છે તેમાં એક સભામાં તેઓ દાવો કરતા નજરે પડે છે કે, મોદીના ટુકડે ટુકડા કરી દેશે. તેઓ કહી રહ્યા છે કે, નરેન્દ્ર મોદી સામે કોણ લડશે. ડ્રામાબાજી માટે કોઈપણ કંઈ કરી લે પરંતુ મોદીને ઈમરાન મસૂદ જવાબ આપશે. ગુજરાતમાં માત્ર ચાર ટકા મુસ્લિમ છે પરંતુ સહારનપુરમાં ૪૨ ટકા મુસ્લિમ છે. તેમના ટુકડે ટુકડા કરી દેવામાં આવશે. કોંગ્રેસના ઉમેદવારે પોતાના ભાષણમાં લોકોને પોતાની તાકાતનો અનુભવ કરાવવા અને મોદી સામે વાંધાજનક ટિપ્પણી ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની પણ વાત કરી છે. તેઓ નાનાથી નાના બાળકને પણ દબંગ બનાવવાની વાત કરી રહ્યા છે.

## ત્રાસવાદી સંગઠનમાં ટેકનિકલ નિષ્ણાંત યુવાનોની ભરતી થઈ

નવી દિલ્હી,તા. ૨૮


ત્રાસવાદી સંગઠનના સ્થાપક ભટકલ બંધુઓએ ભારતમાં ટેકનિકલ નિષ્ણાંત યુવાનોની ભરતી કરવાની જવાબદારી તેના સૌંથી નજીકના અતા ભટકલ ઉર્ફ અફીકને સોંપવામાં આવી હતી. મોહમ્મદ વકાર અને મારૂફના દિમાગમાં જેહાદને લઈને કટ્ટરપંથી વલણ હતુ. આ જ કારણસર આ જ શખ્સે બંન્નેને ઈકબાલ અને રિયાજ ભટકલની ઓળખ કરાવી હતી. અતાનુ નામ મોડેથી બાટલા હાઉસ એન્કાઉન્ટરમાં આવી જતા ધરપકડ થવાની દહેશતના કારણે તે પાકિસ્તાનમાં ફરાર થઈ ગયો હતો. સ્પેશિયલ સેલના સ્પેશિયલ કમીશ્નર એસએન શ્રીવાસ્તવે કહ્યું હતું કે અતાને ભણેલા ગણેલા યુવાનોની શોધ રહેતી હતી. તેના માટે તે જુદી જુદી સોશિયલ નેટવર્કિંગ સાઈટ મારપતે આગળ વધતો હતો. તે જુદા જુદા નેટવર્કિંગ સાઈટ પર તેના દ્વારા કરવામાં આવેલા નિવેદન પર જે યુવાનો રસ દર્શાવતા હતા તે યુવાનોના સંપર્કમાં આવી જતો હતો. આવી જ રીતે તે ધીમે ધીમે ધીમે આવા યુવાનોના મનમાં જેહાદના નામે ઝેર ભરી દેવાનુ કામ કરતો હતો. જેથી આ યુવાનો તેની સાથે જોડાઈ જતા હતા.મોહમ્મદ વકાર અને મારૂફને પણ તે આવી જ રીતે ત્રાસવાદી સંગઠન આઈએમમાં સામેલ કરવામાં સફળ રહ્યો હતો. ઈન્ડિયન મુઝાહીદ્દીન ત્રાસવાદી સંગઠનના ભારતમાં અનેક મોટા શહેરોમાં હુમલામાં સંડોવણી રહી છે. બન્ને યુવાનો ભણવામાં હોશિયાર હતા. બન્નેએ દસમાં અને ૧૨માં ખુબ સારા માર્ગ મેળવ્યા હતા. મોહમ્મદ વકાર મુળ રીતે જોધપુરમાં પાલીનો નિવાસી છે. તેના પિતા સ્ક્રેપનો કારોબાર કરે છે. તેની દિલ્હીના નાંગલોઈ વિસ્તારમાં દુકાન આવેલી છે. વકાર એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવા માંગતો હતો. તે ૧૦માં ૮૦ ટકા અને ૧૨માં ૭૫ ટકા માર્ક મેળવી શક્યો હતો. પ્રાપ્ત માહિતી દર્શાવે છે કે આઈએમ યુવાનોને ભરતી કરવામાં હજુ વ્યસ્ત છે અને તે ટેકનિકલ નિષ્ણાંત યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

## જમ્મુ કાશ્મીરના કઠુવામાં આતંકવાદી હુમલો : એકનું મોત

કથુઆ,તા. ૨૮

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે આજે આતંકવાદીઓએ ફરી એકવાર આતંક મચાવ્યો હતો અને લોકોમાં દહેશત ફેલાવી દીધી હતી. ત્રાસવાદીઓએ શ્રેણીબદ્ધ જગ્યાઓ ઉપર હુમલા કર્યા હતા. એક બાજુ આતંકવાદી હુમલામાં એક નાગરિકનું મોત થયું હતું અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા. જમ્મુ કાશ્મીરમાં કથુઆ જિલ્લાના જંગલોટે વિસ્તારમાં આર્મી કેમ્પ નજીક પણ ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. જમ્મુ-પઠાણકોટ રાષ્ટ્રીય હાઈવે ઉપર એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. ત્રણ વણઓળખાયેલા આતંકવાદીઓ સેનાના યુનિફોર્મમાં આવ્યા હતા અને બોલેરો કાર ઉપર હુમલો કર્યો હતો. સવારે પાંચ વાગે બોલેરો કાર જેકે-૨૧-૭૬૭૦ ઉપર જમ્મુ - પઠાણકોટ રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર હુમલો કરી દીધો હતો. બંદૂકધારીઓએ કારમાં મુસાફરી કરી રહેલા લોકો ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. વાહનને હાઈજેક કરીને ડ્રાયવરનું અપહરણ કરી લીધું હતું. આ હુમલામાં ચાર લોકો ઘાયલ થયા હતા જે પૈકી એકનું મોડેથી મોત થયું હતું. અન્ય એક બનાવમાં આતંકવાદીઓએ આર્મી રેજિમેન્ટ છાવણી ઉપર હુમલો કર્યો હતો. કથુઆ જિલ્લાના જંગલોટે વિસ્તારમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. ઘાયલ થયેલા તમામ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે.

લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે મતદારો અને અન્ય તમામ લોકોમાં દહેશત ફેલાવવાની નિતી ત્રાસવાદીઓએ તૈયાર કરી લીધી છે. આના ભાગરૂપે આજે સવારે જમ્મુ-પઠાણકોટ હાઈવે પર ત્રાસવાદીએ હુમલો કર્યો હતો. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે આજ સવારે ૫.૧૫ વાગ્યાની આસપાસ હુમલો કરવામાં આવ્યો હતો. ત્રાસવાદીઓએ કારના ડ્રાઈવરને બાનમાં પકડી લીધો હતો.






સુત્રોએ કહ્યું છે કે ત્રાસવાદી સેનાના વસ્ત્રોમાં હતા. બનાવની જાણ થયા બાદ તમામ વિસ્તારને સીલ કરીને ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. અથડામણમાં ઘાયલ થયેલા કેટલાક લોકોને જમ્મુ મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હોવાનુ જાણવા મળી રહ્યું છે. જમ્મુમાં ત્રાસવાદી આ જ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને હુમલા કરી રહ્યા છે. તેઓ કોઈ ગાડીને ટાર્ગેટ બનાવે છે અને ત્યારબાદ ફાયરિંગ કરીને ફરાર થઈ જાય છે. પાકિસ્તાનમાં હાલ તાલીમ લઈ રહેલા ત્રાસવાદીઓ હુમલા કરવાની તૈયારીમાં હોવાનુ જાણવા મળ્યું છે. હાલમાં દેશના કેટલાક ભાગોમાં ત્રાસવાદીઓની ધરપકડ પણ કરવામાં આવી રહી છે. હાલમાં મળેલી માહિતી મુજબ ત્રાસવાદી સંગઠન અને અમદાવાદ સહિત દેશના જુદા જુદા ભાગોમાં અનેક હુમલાને અંજામ આપી ચુકેલા ઈન્ડિયન મુઝાહીદીન ફરી હુમલા કરવાની તૈયારીમાં છે. પ્રાપ્ત અહેવાલ મુજબ લોકસભાની ચૂંટણી વેળા આ સંગઠનના લોકો હુમલાની યોજના બનાવી રહ્યા છે. આઈએમના અનેક ખુંખાર શખ્સોને હાલમાં પકડી લેવામાં આવ્યા છે પરંતુ તેમના કેટલાક સાથીઓ સુરક્ષા દળના હાથે લાગ્યા નથી. તેમની શોધખોળ ચાલી રહી છે. આઈએમના ત્રાસવાદીઓ માત્ર રાજકીય રેલીઓને જ ટાર્ગેટ બનાવવા માંગતા નથી બલ્કે ધાર્મિક સ્થળો પર પણ હુમલાની યોજના ધરાવે છે.

ત્રાસવાદીઓ ।રાજસ્થાનમાં આગરામાં તાજ અને રાજસ્થાનમાં પુષ્કરમાં હુમલાને અંજામ આપી શકે છે. આ બન્ને સ્થળો એવા છે જ્યાં મોટી સંખ્યામાં વિદેશી પ્રવાસી હમેંશા રહે છે. તાજેતરમાં ધરપકડ કરવામાં આવેલા આઈએમના ઈન્ડિયા ઓપરેશન તહેસીન અખ્તર ઉર્ફે મોનુએ જાહેરાત કરી હતી કે તે પોતે જોધપુર, ભરતપુર અને ગોપાલગઢ જેવા વિસ્તારોની સાથે જ ડિસેમ્બર મહિનામાં આગરા અને પુષ્કરની રેકી કરી ચુક્યો છે.


## સમાચાર ઝલક

- ચાલુ વર્ષે જીરૂના ભાવ મણના રૂા.૨૩૦૦ ની આસપાસ રહેશે.
- આચારસંહિતા નામે હેરાનગતિ બંધ નહી થાય તો ગોલ્ડ ડિલર એશોસીએશન આંદોલન કરશે.
- દિલ્હીમાં ૬ સગીરાઓ ઉપર બળાત્કારનાં બનાવો નોંધાયા.
- સરકારી ઓફિસોમાં ફેસબુક પર પ્રતિબંધ લગાડવા કેન્દ્રની વિચારણા.
- શામળાજી મંદિરમાં ૩૦ કિલો ચાંદીથી ત્રણ મુખ્ય દ્વાર મઢાશે, મુંબઇના દાતા તરફથી દાનની જાહેરાત.
- માનવ અધિકાર ભંગ માટે સંયુક્ત રાષ્ટ્રોમાં શ્રીલંકા વિરૂદ્ધ ઠરાવ.
- વડોદરા સ્ટેશન પર મધરાતે મધ્યપ્રદેશનું કપલ હેરોઇન-કોકેન સાથે ઝડપાયું.
- પાકિસ્તાનને થતાં અમેરિકન શસ્ત્રોના વેચાણમાં વધારો.
- રિઝર્વ બેંક વ્યાજદર યથાવત રાખે તેવી ધારણા.
- મુઝફ્ફરનગરમાં પતિ-પત્ની સામસામે લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવ્યું.
- પૂર્વ મિસ વર્લ્ડ યુક્તામુખીના છૂટાછેડાને હાઇકોર્ટની મંજૂરી મળી.
- ભારતની ૨૦૧૪ની ચૂંટણી જંગના વિશ્વભરમાં પડઘા, મોટા દેશોમાં સૌથી વધુ ઉત્સુકતા.
- નડિયાદના એડિશનલ સેશન્સ જજને તાલીમ આપવા હાઇકોર્ટનો અનુરોધ.
- વિદ્યાર્થી એડમિશન રદ્દ કરે તો કોલેજ પ્રમાણપત્રો રાખી શકે નહી, હાઇકોર્ટનો શકવર્તી ચુકાદો.
- ભુલ્લરની દેહાંત દંડની સજાને જન્મટીપમાં બદલવા કેન્દ્રની સંમતિ, સુપ્રીમને જવાબ આપ્યો.
- રાજ્યમાં ઉનાળું કઠોળનાં વાવેતરમાં ૧૪% નો વધારો.
- રાજકોટમાં સવા કરોડનું સોનું બંગાળી કારીગર લઇ ફરાર.
- ભક્તિમાં બાળક, કર્મમાં યુવાન અને જ્ઞાનમાં વૃદ્ધ બનો : પૂ. રમેશભાઇ ઓઝા

## હવાઈ દળનું વિમાન ગ્વાલિયર નજીક દુર્ઘટનાગ્રસ્ત : પાંચ મોત

નવીદિલ્હી,તા. ૨૮

ભારતીય હવાઈ દળને આજે ખુબ મોટો ફટકો પડ્યો હતો. કારણ કે તાજેતરમાં જ મેળવવામાં આવેલા અમેરિકામાં નિર્મિત સી-૧૩૦ જે પરિવહન વિમાન આગરાથી ઉડાણ ભર્યા બાદ ગ્વાલિયર નજીક દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું છે. આ વિમાન દુર્ઘટનામાં તમામ પાંચ સભ્યોના મોત થઈ ગયા હતા. ગ્વાલિયર નજીક આઈએએફ વિમાન સી-૧૩૦ જે સુપર હરક્યુલેસ વિમાન તુટી પડ્યા બાદ અફડાતફડી મચી ગઈ હતી. ઊંડી તપાસ પણ હાથ ધરવામાં આવી હતી. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, સુપર હરક્યુલેસ વિશેષ અભિયાન વિમાન દુર્ઘટનામાં બે વિંગ કમાન્ડર, બે સ્ક્વાડ્રન લીડર અને ક્રૂ દળના અન્ય એક અધિકારીનો સમાવેશ થાય છે જેમના મોત થયા હતા. ભારતીય હવાઈ દળના એક પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું હતું



કે, સી-૧૩૦ જે વિમાન ગ્વાલિયર નજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ વિમાને આગરાથી નિયમિત તાલિમ મિશન હેઠળ સવારે ૧૦ વાગે ઉડાણ ભરી હતી. ઘટનાના કારણોમાં તપાસ કરવા માટે કોર્ટ ઓફ ઈન્કવાયરીના આદેશ આપવામાં આવ્યા છે. જયપુરમાં પોલીસે કહ્યું છે કે, પોલીસ અધિકારી અને અન્ય લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા છે. સી-૧૩૦જે વિમાન જે સુપર હેક્યુલસના સંદર્ભમાં તપાસ ચાલી રહી છે. બચાવ કામગીરી ઘટનાસ્થળે હાથ ધરવામાં આવી હતી. આ વિમાન દુર્ઘટનાને લઈને નિષ્ણાતોમાં પણ ભારે ચર્ચા છે. કારણ કે સુરક્ષાના મામલામાં ખુબ સારા ટ્રેક રેકોર્ડ ધરાવે છે. આ પરિવહન વિમાન મુશ્કેલ પરિસ્થિતિમાં ઉતરાણ કરવા માટે અને ખાસ દળોની મુવમેન્ટ સહિત ઓપરેશનમાં તેજી લાવવાના હેતુસર ખુબ ઉપયોગી છે. ઉત્તરાખંડમાં વિનાશકારી પુર બાદ બચાવ કામગીરીમાં આ વિમાનનો ઉપયોગ કરાયો હતો. અમેરિકી સેનામાં પણ શાનદાર રેકોર્ડ આ વિમાન ધરાવે છે. વિયેતનામના યુદ્ધ દરમિયાન સી-૧૩૦ પૈકી કેટલાક દુર્ઘટનાગ્રસ્ત થયા હતા.

**હાઈકોર્ટના ચુકાદાની નકલનો મામલો**

## શક્તિ મિલ રેપ કેસની સુનાવણી મોકૂફ કરાઈ

મુંબઈ,તા. ૨૮

મુંબઈની સેશન્સ કોર્ટે શક્તિમિલ રેપ કેસમાં સુનાવણી મોકૂફ રાખી હતી. ટ્રાયલ કોર્ટમાં કેસને મોકૂફ રાખવામાં આવ્યો છે. શક્તિમિલ રેપ કેસમાં ત્રણ અપરાધીઓને સજા કરવામાં આવી છે. પ્રોસીક્યુશન અને ડિફેન્સ બંને દ્વારા મોકૂફીની માંગણી કરવામાં આવી હતી જેથી ટ્રાયલ કોર્ટમાં કેસને મોકૂફ કરી દેવામાં આવ્યો હતો. ગુરુવારના દિવસે આપવામાં આવેલા મુંબઈ હાઈકોર્ટના આદેશની નકલ મેળવવા માટે તેઓ રાહ જોઈ રહ્યા છે જેથી પ્રોસીક્યુશન અને ડિફેન્સ દ્વારા મોકૂફીની માંગ કરવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટ દ્વારા ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૬ઈ હેઠળ વધારાના આરોપના ઉમેરા સામે ડિફેન્સની અરજી ઉપર ગુરુવારના દિવસે આદેશ કરવામાં આવ્યો હતો. વારંવારના આરોપીઓ માટે કઠોર સજાની રજૂઆત કરવામાં આવી હતી. ગુરુવારના દિવસે હાઈકોર્ટે શક્તિ મિલ ગેંગરેપ કેસમાં દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કર્યો હતો. વધારાના આરોપોને પડકાર ફેંકીને આરોપીઓ દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. નવા આરોપોમાં અપરાધીઓને મૃત્યુદંડની પણ જોગવાઈ કરાઈ છે.